# ભારતીય રાજકારણના પ્રવર્તમાન પ્રવાહો અને પડકારો

**ડૉ.અશોક પુરોહિત,**
**એમ.એ.પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ,**
**પાલનપુર**

## સારાંશ

**કોઇપણ દેશના રાજકારણના ઉદ્ભવ,વિકાસ અને પરિવર્તનમાં જેતે દેશના આર્થિક, સામાજિક, ભૌગોલિક, સાંસ્કૃતિક, વૈચારિક વગેરે પરિબળો નિર્ણાયક ભૂમિકા ભજવતા હોય છે. દેશમાં થઇ રહેલા પરિવર્તનનું પ્રતિબિંબ રાજકારણમાં ઝીલાતું હોય છે. બદલાતા વૈશ્વિક પ્રવાહો પણ જેતે દેશની રાજનીતિને પ્રભાવિત કરતા હોય છે. પ્રસ્તુત સંશોધન પત્રમાં ભારતીય રાજકારણમાં છેલ્લા એક-દોઢ દશકામાં ઉદ્ભવી રહેલા રાજકીય પ્રવાહો અને પડકારોની ચર્ચા કરવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.પ્રસ્તુત સંશોધન પત્ર અવલોકન આધારીત છે.**

**ચાવીરૂપ શબ્દો : રાજકારણ,ભારતીય રાજનીતિ,વર્તમાન પ્રવાહો**

### ૧. પ્રસ્તાવના

**કોઇપણ દેશનું રાજકારણ શૂન્યાવકાસમાં સર્જન પામતું નથી. આર્થિક,સામાજિક,ભૌગોલિક,સાંસ્કૃતિક,વૈચારિક વગેરે પરિબળો અને રાજકારણ વચ્ચે આંતરક્રિયા થતી હોય છે. આંતરિક અને બાહ્ય પરિબળો રાજકારણને પ્રભાવિત કરે છે તો રાજકારણ પણ આવા પરિબળોને પ્રભાવિત કરે છે.ભારતીય સમાજ અને રાજકારણ સંક્રાંતિકાળ માંથી પસાર થઇ રહયા છે.ભારતના સામાજિક અને આર્થિક પ્રવાહો બદલાઇ રહયા છે અને તેની અસર ભારતીય રાજકારણ પર સ્પષ્ટ વર્તાય છે. ભ્રષ્ટાચાર અને અપરાધીકરણ, મૂલયહિનતા, જ્ઞાતિવાદ, લોકરંજકતા, આંતકવાદ, નકસલવાદ, એકીકરણ, પ્રદેશવાદ, ભાષાવાદ, ગરીબી, બેરોજગારી, સામાજિક-આર્થિક વિષમતાઓ વગેરે જેવી સમસ્યાઓથી ભારતનું રાજકારણ ઘેરાઇ રહયું છે.સાથોસાથ વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસે પણ ભારતીય રાજકારણને પ્રભાવિત કર્યુ છે.પ્રસ્તુત સંશોધન પત્રમાં ભારતીય રાજકારણની સમસ્યાઓ અને બદલાઇ રહેલા વર્તમાન રાજકીય વહેણોની ચર્ચા કરવામાં આવી છે.**

## (૧) રાજકીય ભ્રષ્ટાચાર અને રાજકારણનું અપરાધીકરણ

**રાજકીય ભ્રષ્ટાચાર અને રાજકારણનું અપરાધીકરણએ વર્તમાન ભારતીય રાજનીતિના પેચીદા પ્રશ્નો બન્યા છે.ગામડાના સરપંચથી માંડીને કેન્દ્રીય પ્રધાનો સુધીના નેતાઓ એક યા બીજા કૌભાંડોમાં સંડોવાતા જાય છે.દેશમાં થયેલા બોફોર્સ તોપ કૌભાંડ હોય,ઘાસચારા કૌભાંડ હોય,ટુ જી સ્પેક્ટ્રમ કૌભાંડ હોય કે પછી કોલસા કૌભાંડ હોય તમામ કૌભાંડોમાં મોટા નેતાઓની સંડોવણી સ્પષ્ટ જોવા મળી છે.કૌભાંડોની વણથંભી વણઝાર છેલ્લા કેટલાક દાયકાઓથી ચાલુ જ રહી છે.નવાઇની વાત એ છે કે ભ્રષ્ટાચાર ડામવાના બદલે છાસ વારે બહાર આવતા દરેક કૌભાંડ અગાઉના કૌભાંડને નાનું કહેવડાવે છે.રાજકીય પક્ષો ભ્રષ્ટાચાર દૂર કરવાની વાતો કરે છે, પરતું બીજી બાજુ ભ્રષ્ટ નેતાઓને છાવરીને ચૂંટણીમાં ટિકિટ આપે છે.**

**ભારતીય રાજકારણનું અપરાધીકરણ થઇ રહયું છે.વધુને વધુ અસામાજિક તત્વો ભારતીય રાજકારણમાં ઘુસી રહયા છે.સંસદ કે વિધાનસભામાં બેઠેલા કેટલાક નેતાઓ ખૂન,બળાત્કાર,લૂંટ,ઉચાપત જેવા કોઇને કોઇ ગુન્હામાં સંડોવાયેલા**

જોવા મળે છે.ભારતીય રાજકારણમાં મની,મસલ્સ અને માફિયા ચાવી રૂપ ભૂમિકા ભજવી રહયા છે. “15મી લોકસભામાં મહિલા સાંસદ 11 ટકા છે.તેમની સંખ્યા 59 છે.ગુનાખોરીના કેસોની દ્રષ્ટિએ જોવામાં આવેતો 17 ટકા એટલે કે 10 મહિલા સાંસદો પર ફોજદારી કેસો નોંધાયેલા છે.બીજી તરફ કુલ 484 માંથી 152 પુરુષ સાંસદો એટલે કે 31 ટકા ઉપર ફોજદારી કેસો છે.[૧]” સ્વચ્છ પ્રતિભા ધરાવતા નેતાઓની સંખ્યામાં થઇ રહેલો ઘટાડો અને કલંકિત પ્રતિભા ધરાવતા નેતાઓની સંખ્યામાં થઇ રહેલો વધારો ભારતીય રાજકારણ સામે મોટો પડકાર છે.તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ક્રિમિનલ કેસમાં અપરાધી જાહેર કરેલા સંસદ સભ્યો કે વિધાન સભ્યોને ગેરલાયક ઠેરવતો જે ચુકાદો આપ્યો તે રાજકારણનું અપરાધીકરણ અટકાવવાની દિશામાં સરાહનીય કદમ ગણાવી શકાય,પરંતુ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાને શિરોમાન્ય રાખવાના બદલે સરકાર દ્વારા સર્વોચ્ચ અદાલતને પોતાના ચુકાદાની સમીક્ષા કરવા વિનંતી કરવામાં આવે તે બાબત તંદુરસ્ત ભારતીય લોકશાહી માટે આઘાત જનક ગણાવી શકાય.સર્વોચ્ચ અદાલતના ચુકાદાની સામે અપરાધી રાજકારણીયોને બચાવવા માટે રાજકીય પક્ષો દ્વારા ભારે મથામણ કરવામાં આવે તે બાબત ભારતીય રાજનીતિનો વર્તમાન ચહેરો સ્પષ્ટ કરે છે.લોક પ્રતિનિધિત્વ ધારામાં સુધારો કરીને અપરાધી રાજકારણીયોને રાજકારણથી દૂર રાખવા જોઇએ.

### (૨)રાષ્ટ્રવાદ વિરુધ્ધ પ્રદેશવાદ

ભારતીય રાજકારણ સમક્ષ પ્રદેશવાદની સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. લોકોમાં રાષ્ટ્ર પ્રત્યેની વિશાળ અને ઉદાત ભાવના કરતાં પ્રાદેશિકતાની સંકુચિત લાગણી વધુ બળવતર અને ઉત્કટ બનતી જાય છે. લોકો રાષ્ટ્ર કરતાં પોતાના પ્રદેશને વધુ મહત્વ આપતા થયા છે.આજ કારણોસર આધુનિક ભારતીય રાજકારણમાં રાષ્ટ્રીયપક્ષોનું ધોવાણ અને પ્રાદેશિકપક્ષોનો ઉદ્ભવ થઇ રહયો છે.રાષ્ટ્રીયપક્ષો કરતા પ્રાદેશિકપક્ષો વધુને વધુ મજબુત બનતા જાય છે. રાષ્ટ્રીય રાજકારણમાં પ્રાદેશિકપક્ષોની ભૂમિકા ચાવીરૂપ બની રહી છે. છેલ્લા ત્રણ દાયકાથી કોઇ રાષ્ટ્રીયપક્ષ કેન્દ્રમાં એકલા હાથે સરકારની રચના કરવા સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી શકયો નથી.કેન્દ્રની લોકસભામાં સરકારની રચના કરવા માટે પ્રાદેશિકપક્ષોનો સહારો લેવા પડતો હોવાથી પ્રાદેશિકપક્ષો અને ખાસ કરીને પ્રાદેશિક નેતાઓનું મહત્વ વધી રહયું છે.લોકસભામાં મહત્વના નિર્ણયો લેવા અને ખરડાઓ પસાર કરાવવા માટે રાષ્ટ્રીય નેતાગીરીએ પ્રાદેશિક નેતાઓની કદમપોશી કરવી પડે છે. આના કારણે સુશાસન અને રાજકીય અસ્થિરતાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થયો છે.

### (3) રાષ્ટ્રીયહિત કરતાં પક્ષીયહિતને અપાતું વધુ મહત્ત્વ

ભારતમાં રાજકીયપક્ષો માટે રાષ્ટ્રહિત કરતાં પક્ષીયહિત વધુ મહત્ત્વનું બની રહ્યું છે. રાજકીયપક્ષો ચૂંટણીમાં મત મેળવવા માટે જ્ઞાતિ, ધર્મ, કોમ જેવી સંકુચિત અપીલ કરતાં હોય છે. ચૂંટણી જીતવા માટે જ્ઞાતિવાદ,કોમવાદ અને મુસ્લીમ તુષ્ટિકરણની નીતિ અપનાવાઇ રહી છે. જેને કારણે જ્ઞાતિવાદ, કોમવાદ વગેરેને ઉતેજન મળે છે. જે બાબત રાષ્ટ્ર માટે ખતરારૂપ છે. દેશમાં આતંકવાદ અને નકસલવાદની સમસ્યા વકરાવવા માટે પક્ષીયહિત વધુ જવાબદાર છે.બધા જ રાજકીયપક્ષો એક થઇને આવી સમસ્યાઓને જડમૂળ માંથી ઉખેડવાના બદલે એક બીજા પર આક્ષેપો કરી દોષનો ટોપલો ઢોળી રહયા છે. રાજકારણ કરતાં રાષ્ટ્રકારણ વધુ મહાન છે, પરંતુ વર્તમાન રાજનીતિમાં રાષ્ટ્રકારણ કરતાં પક્ષીય રાજકારણને અગ્રિમતા અપાઇ અપાઇ રહી છે.

### (૪) મૂલ્ય આધારીત રાજનીતિનું ધોવાણ

રાજકારણ એ સતા માટેનો સંઘર્ષ હોવા છતાં તેમાં મૂલ્યો,આદર્શો,નીતિમતા વગેરેને સ્થાન હોવું જોઇએ તે નિર્વિવાદ બાબત છે,પરતું વર્તમાન ભારતીય રાજનીતિમાં નૈતિક મૂલ્યો અને આદર્શોનું ધોવાણ થઇ રહયું છે.કોઇપણ રાજકીય પક્ષનું ધ્યેય આખરે સતા પ્રાપ્ત કરવાનું હોય છે,પરતું સતારૂપી સાધ્યને સિધ્ધ કરવા માટે સાધન શુધ્ધિનો આગ્રહ અપેક્ષિત છે.વર્તમાન ભારતીય રાજકારણમાં સાધન શુધ્ધિનો વિચાર કર્યા સિવાય કોઇ પણ ભોગે સતા પ્રાપ્ત કરવાનું વલણ રાજકીય પક્ષોમાં વધી રહયું છે,જે બાબત ભારતીય લોકશાહી માટે ખતરા રૂપ છે.ભારતમાં યોજાઇ રહેલી ચૂંટણીઓમાં ઉમેદવારો દ્વારા નાણાંની રેલમછેલ,અસામાજિક તત્વોનો સહારો,દારૂની લ્હાણી,અપપ્રચાર,પ્રલોભનો,ધમકી

વગેરે જેવા બિનલોકશાહી સાધનોનો ઉપયોગ બિલકુલ સાહજીકતાથી થઇ રહયો છે.વર્તમાન ભારતીય રાજનીતિમાં ચૂંટણીમાં પક્ષની ટિકિટ મેળવવા અને ચૂંટણી જીતવા જ્ઞાતિ અને આર્થિક સધ્ધરતા નિર્ણાયક પરીબળો બની રહયા છે.

ભારતનું રાજકારણ વિચારધારા માંથી વ્યકિતલક્ષીતા તરફ ઘસડાઇ રહયું છે.ભારતીય સંસદીય લોકશાહીના ચૂંટણી પ્રચારને પ્રમુખીય સ્વરૂપ અપાઇ રહયું છે.પક્ષ-પક્ષ વચ્ચેની સ્પર્ધાને બદલે નેતા-નેતા વચ્ચેની સ્પર્ધા તીવ્ર બની રહી છે.રાજકીય પક્ષ કરતાં નેતાઓનું કદ મોટું થઇ રહયું છે.નેતા કરતાં પક્ષ મહાન હોય છે અને પક્ષ કરતાં રાષ્ટ્ર મહાન હોય છે તે બાબત ભુલાઇ રહી છે.રાજકીય પક્ષો વચ્ચે સતા માટેનો સઘર્ષ અંત્યંત તીવ્ર બની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે રાજકીય પક્ષોની વિચારધારા હાંસિયામાં ધકેલાઇ જાય છે અને નેતાઓના વ્યકિતત્વો વચ્ચે સ્પર્ધા થાય તે સ્વાભાવિક બાબત છે,પરતું પરસ્પર નિમ્ન કક્ષાએ આક્ષેપો-પ્રતિઆક્ષેપો થાય તે લોકશાહી માટે શરમ જનક ઘટના ગણાવી શકાય.આક્ષેપો અને ધમકીઓમાં તાજેતરમાં ઉતર પ્રદેશના સહારનપુરના કોગ્રેસના ઉમેદવાર હદ વટાવી ચૂકયા છે તે સર્વ વિદિત છે.

### (૫) પ્રચાર ઝુંબેશ માટે કોમ્યુનિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ

ભારતીય સમાજમાં છેલ્લા દશકામાં કોમ્યુનિકેશન ટેક્નોલોજીના ક્ષેત્રે ક્રાંતિ આવી રહી છે.જેનું પ્રતિબિંબ રાજકારણમાં પણ પડયું છે.ભારતમાં વર્તમાન લોકસભા કે વિધાનસભાની ચૂંટણીઓમાં કોમ્યુનિકેશન ટેક્નોલોજી નો વિપુલ માત્રામાં ઉપયોગ થઇ રહયો છે. ગુજરાત વિધાનસભા ૨૦૧૨ ની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ દ્વારા ચૂંટણી પ્રચારના રેલી કે જાહેરસભા જેવા પરંપરાગત માધ્યમોની સાથો સાથ આધુનિક ટેક્નોલોજી નો ઉપયોગ કરીને વર્ચ્યુઅલ કેમ્પેઇન પર ભાર મુકવામાં આવ્યો હતો.ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદી દ્વારા એક સાથે ઘણા સ્થળોએ સભાને સંબોધવામાં આવી હતી.એલ.સી.ડી.પ્રોજેક્ટરની મદદથી નરેન્દ્રભાઇ મોદીના ચૂંટણી ભાષણનું સ્ક્રીન પર થ્રીડી જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતુ.ગત વિધાનસભામાં ગુજરાતના દરેક ગામડાઓમાં નરેન્દ્રભાઇ મોદીનું ભાષણ વિડીઓના માધ્યમથી સ્ક્રીન પર લોકોને બતાવવામાં આવ્યું હતું.

તાજેતરમાં યોજાઇ રહેલ સોળમી લોકસભાની ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી અભિયાનમાં સોશિયલ મીડિયાનો વિપુલ માત્રામાં ઉપયોગ થઇ રહયો છે.ભારતમાં આટલા મોટા પ્રમાણમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ અગાઉની ચૂંટણીઓમાં પ્રચાર માટે કયારેય થયો ન હતો.વર્તમાન લોકસભાની ચૂંટણીમાં સમગ્ર દેશમાં એક સાથે ‘ચાય પે ચર્ચા’ કાર્યક્રમ અંતર્ગત નરેન્દ્રભાઇ મોદી દ્વારા ટેલિવિઝન સ્ક્રીનના માધ્યમથી ભારતના મતદારો સાથે જીવંત ચર્ચા કરી.મતદારો ચા પીતા પીતા મોબાઇલ મેસેજ દ્વારા તેમને પ્રશ્નો પૂછતા હતા.અમેરિકાના પ્રમુખની ચૂંટણીમાં જે પ્રકારે ટેક્નોલોજીનો ઉપયોગ થતો હોય તે પ્રકારે ભારતમાં મતદારો સુધી પહોંચવા માટે ટેક્નોલોજીનો સંગઠિત ઉપયોગ પ્રથમ વખત થઇ રહયો છે.

ભારતમાં થઇ રહેલા સામાજિક પરિવર્તનની અસર રાજકારણ પર પણ થતી હોય છે.રાજકીય પક્ષોએ લોકોને રાજકીય શિક્ષણ પૂરું પાડવા માટે,લોકમત ઘડતર માટે પરંપરાગત સાધનોના સ્થાને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પડે છે.ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિએશન ઓફ ઇન્ડિયાના અહેવાલ પ્રમાણે ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા ઓકટોબર ૨૦૧૩ સુધીમાં ૨૦૫ મિલિયન હતી.જે પૈકી શહેરી વિસ્તારમાં ૧૪૭ મિલિયન અને ગ્રામીણ વિસ્તારમાં ૬૮ મિલિયન હતી.જૂન ૨૦૧૪ સુધીમાં ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા ૨૪૩ મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે.ભારતમાં અત્યારે ઇન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યામાં દર વર્ષે ૨૮%ના દરથી વધારો થઇ રહયો છે. આથી ભારતમાં રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારમાં મતદારો સુધી પહોંચવા સોશિયલ મીડિયાનો મોટા પાયે ઉપયોગ થઇ રહયો છે.ભારતમાં અત્યારે યુવા મતદારોની સંખ્યા સૌથી વધુ છે.યુવાનો સોશિયલ મીડિયાનો ઉપયોગ વધુ કરે છે.ખાસ કરીને શહેરી વિસ્તારના યુવા મતદારો અને શિક્ષિતોને આકર્ષવા માટે ફેસબુક,ટવીટ્ર,વોટસ્ અપ,એસ.એમ.એસ.,યુ ટયુબ વગેરેનો ઉપયોગ વધુ અસરકારક સાબિત થઇ શકે તેમ છે.ભારતમાં સ્માર્ટ ફોન કરતાં સાદા મોબાઇલ ફોનનો

ઉપયોગ કરનાર લોકોની સંખ્યા વધુ છે.આથી રાજકીય પક્ષો પણ પ્રચારમાં એસ.એમ.એસ.નો પ્રચાર સાધન તરીકે વધુ ઉપયોગ કરી રહયા છે.એવું કહેવાય છે કે બચત માટે વિશ્વભરમાં જાણીતા ભારતીયોને કોલ કરવા કરતાં મિસ્ડ કોલ કરવામાં વધુ આનંદ આવે છે.આથી રાજકીય પક્ષો પણ કોઇ ચોક્કસ નંબર પર મતદારોને અપીલ કરીને પોતાની સાથે જોડી જનાધાર વધારવાનો પ્રયત્ન કરી રહયા છે.

ભારતમાં વિવિધ ટીવી ચેનલો દ્વારા પણ દેશભરમાં જુદા જુદા મત વિસ્તારોમાં જઇ નેતાઓ અને મતદારોને સાંકળીને રાજકીય મુદ્દાઓ પર એક બીજાને પ્રશ્નો પૂછીને ચર્ચા ગોઠવવામાં આવી રહી છે,જેનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે.સંવહન માધ્યમોના પ્રયત્નોથી લોકોમાં રાજકીય ચેતના કે રાજકીય ઉતેજનાનું પ્રમાણ વધે છે,પરતું તેનો મતદાનની ટકાવારી સાથે સહ સંબધ સ્થપાતો નથી તે ચર્ચા માંગી લે તેવો પ્રશ્ન છે.મતદાનના દિવસે પક્ષના કાર્યકર્તાઓ દ્વારા આગ્રહ કરીને મતદાન મથક સુધી મતદારોને લઇ જવા પડે છે.રાજકીય વિમુખતા ભારતીય લોકશાહી માટે ચિંતાનો વિષય છે.

વર્તમાન સમયમાં ભારતમાં ચૂંટણીપંચ દ્વારા પણ મુકત અને ન્યાયી ચૂંટણીઓના સુચારુ વ્યવસ્થાપન માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહયો છે.ચૂંટણીપંચ વધુને વધુ મતદાન થાય તે માટે એસ.એમ.એસ.ના માધ્યમ દ્વારા જનજાગૃતિ લાવવા પ્રયત્નશીલ છે.ચૂંટણી પંચ દ્વારા દેશમાં ભાગીદારી યુકત લોકશાહી સંસ્કૃતિના નિર્માણ માટે વિવિધ પ્રકારના અભિગમો અને પ્રવૃતિઓના માધ્યમથી મતદાર શિક્ષણ અને નાગરિક ભાગીદારી માટે ભગીરથ પ્રયત્નો કરવામાં આવી રહયા છે.પંચ દ્વારા શરૂ કરવામાં આવેલા Systematic Voters'Education And Electoral Participation(SVEEP)જેવા કાર્યક્રમો સંગીન લોકશાહીની દિશામાં સરાહનીય કદમ ગણાવી શકાય.ભારતીય લોકશાહીના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકજાગૃતિ પાયાની બાબત છે.ભારતીય લોકશાહી રાજકારણમાં ઉદ્ભવેલ સમસ્યાઓ અને પડકારોના ઉકેલમાં સતત લોકજાગરૂકતા અને જનભાગીદારી સહાય રૂપ બની શકે તેમ છે.

## સંદર્ભ

૧. દિવ્ય ભાસ્કર દૈનિક,ગુજરાત,મહેસાણા,૨૦માર્ચ,૨૦૧૪,પેજનં.૧૭
૨. શુકલ, દિનેશ મૂ., અમીન હસમુખ એમ., ભારતીય રાજકારણની રૂપરેખા, યુ.ગ્રં.નિ.બો.,ગુજરાત રાજય, અમદાવાદ, તૃતિય આવૃતિ,૧૯૯૫
૩. Internet & Mobile Association of India. web.29/3/14 <www.iamai.com>
૪. Association for Democratic Reforms. web.29/3/14< http:adrindia.org>
૫. Election Commission of India. web.28/3/14 <http:eci.nic.in>